પોલીસ અધિકારીઓમાં પણ ટ્રાફિક એજ્યુકેશનનો અભાવ...!

ટ્રાફીકના નિયમો બતાવીને ઝુંબેશમાં રોજ સંખ્યાબંધ વાહનચાલકોને દંડ આપતા પી.આઈ.ની ગાડીમાં નંબર પ્લેટ નથી અને ડાર્ક ફિલ્મ લાગેલી છે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના પોલીસ વડા દ્વારા ટ્રાફીક અવેરનેશ માટે રાજ્યભરમાં ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવનું આયોજન કર્યું છે. આ ડ્રાઈવની પહેલા પોલીસ અધિકારીઓને સુચના આપવામાં આવી હતી કે પહેલી ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં રાખો અને હેલ્મેટ, સીટ બેલ્ટ, ડાર્ક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ પર લખાણવાળા વાહનધારક પોલીસને પ્રથમ દંડ ફટકારો...! જેને પગલે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ જિલ્લાના તમામ પોલીસ મથકના અમલદારોને પોતાના પોલીસ સ્ટેશનમાં આ ડ્રાઈવ રાખવા આદેશ પણ આપ્યો હતો અને ઘણા પોલીસ કર્મચારીઓને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

મહત્વની અને નોંધનીય બાબત એ છે કે જિલ્લામાં હજુ પણ કેટલાક પોલીસ અધિકારીઓ ડીજીપી અને ડીએસપીએ આપેલા આદેશને ઘોળીને પી જઈ રહ્યા છે. ઈન્ફોસીટી પોલીસમથકના અમલદાર વાય.એમ. મિશ્રા રોજે રોજ કેટલાય વાહનચાલકોને ટ્રાફીકની નિયમો બતાવીને દંડની પાવતી પકડાવે છે, પરંતુ પોતે જ ટ્રાફીકના નિયમોની ઐસી કી તૈસી કરીને બિન્દાસ્ત ફરે છે. પી.આઈ.માં ટ્રાફીક એજ્યુકેશનનો અભાવ છે કે પોતે આ ઝુંબેશને કાગળ પર વ્યવસ્થિત રહેવા ચલાવી રહ્યા છે તે હજુ પણ પ્રશ્ન છે. પી.આઈ. મિશ્રાની ફોક્સવેગન પોલો કારમાં હજુ પણ ડાર્ક ફિલ્મ પટ્ટી છે અને નંબર પ્લેટ જ નથી. ટ્રાફીક એજ્યુકેશન ડ્રાઈવની શરૂઆત દંડ ફટાકરતા પોલીસથી કરવામાં આવે તો પ્રજા પણ અનુકરણની શરૂઆત કરે... જો અમલદાર જ ટ્રાફીક નિયમોને નેવે મુકીને બેફામ ફરે તો તેમની પોલીસ ટીમ અને પ્રજા કંઈ બાબતનું અનુકરણ કરે..?

સેક્ટર-૨૪ના ગેસ પંપીંગ સ્ટેશને પાંચ નોઝલ બંધ રહેતા વાહનોની કતારો

કુલ દસ નોઝલ પૈકી હાલ પાંચ જ કાર્યરત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં દિનપ્રતિદિન ચાર સક્રીય વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેમાં સૌથી વધુ સીએનજીથી ચાલતી કારનું પ્રમાણ મોટુ છે. શહેરમાં ગેસ પંપીંગ સ્ટેશનમાં પાંચ મુખ્ય કેન્દ્ર છે જે પૈકી અલાયદા ગેસપંપ માટે ફક્ત સેક્ટર-૨૪માં આવેલા સ્ટેશને જ સુવિધા ઉભી કરાઈ છે. પરંતુ આ ગેસ સ્ટેશને કુલ દસ ગેસ ભરવાની નોઝલોની વ્યવસ્થા છે છતાં પણ પાંચ જ કાર્યરત રખાઈ છે. જેથી વાહનોની લાંબી લાઈનો ખડકાય છે જેથી સમય બરબાદ થતાં વાહનચાલકોમાં આ વ્યવસ્થા પ્રત્યે રોષ આગ્રહ સેવે છે. કારણ કે અહીં પેટ્રોલ કે ડીઝલ મળતુ ન હોવાથી અન્ય વાહનોની અડચણો પેદા થતી નથી. સેક્ટર-૨૪ના આ ગેસ પંપે અદ્યતન સુવિધાઓ અને સુચનાઓ સાથે કુલ ૧૨ નોઝલની વ્યવસ્થા કરાઈ છે. જેમાં બે મોટી નોઝલ મોટા વાહન માટે છે જ્યારે અન્ય દસ નોઝલ કાર જેવા વાહનો માટે રખાઈ છે પરંતુ આ દસ નોઝલ પૈકી તંત્રએ ફક્ત પાંચ જ નોઝલ કાર્યરત રાખી છે જેથી વાહનોની કતારો ખડકાઈ જાય છે. વધુમાં વાહનમાં ગેસ પુરતી વખતે સમય જતો હોય છે જેથી વાહનચાલકો લાંબો સમય લાઈન ઉભા રહી અકળાય ઉઠે છે. આ

ફાટી નીકળ્યો છે.

ગાંધીનગર શહેર તથા તેના આઠ કિ.મી. વિસ્તારમાં સી.એન.જી.ના સાતથી આઠ કેન્દ્રો ફળવાયેલા છે. જે પૈકી પાંચ ગાંધીનગર શહેરમાં જ છે. જેમાં સેક્ટર-૨૪નો જી.એસ.પી.સી.નો સીએનજી પંપીંગ સ્ટેશન એ ફક્ત ગેસ પુરતો અલાયદો ઉભો કરાયેલો પંપ છે. જેથી અહીં નગરજનો પોતાના વાહન લઈ ગેસ પુરાવાર વધુ અંગે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે દસ નોઝલ પૈકી ફક્ત પાંચ નોઝલમાંથી જ ગેસ પુરવા તંત્રએ મંજુરી આપી છે. જેથી અન્ય નોઝલ બંધ રખાઈ છે.

જીએસપીસીના અલાદયો ગેસ સ્ટેશન થકી દૈનિક અસંખ્ય વાહનો આ સ્ટેશને ગેસ ભરાવા આવે છે પરંતુ તંત્રના અણઘડ નિર્ણય થકી અહીં વાહનોની લાઈનો થઈ જાય છે. માટે સત્વરે દસે દસ નોઝલ કાર્યરત કરાય તેવી માંગ વાહનચાલકોમાં ઉઠવા પામી છે.

રૂ. ૧૯.૬૪ લાખના સબમર્શીબલ પંપ ચોરીનો વોન્ટેડ આરોપી ઝડપાયો

બે વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોડે પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા છત્રાલ ખાતે સબમર્સીબલ પંપ બનાવતી લુબી કંપનીમાંથી વર્ષ-૨૦૧૨માં ૩૩૫ પંપની ચોરી કરી એક ગેંગ ટ્રકમાં ચોરીનો માલ નાંખીને ભાગી ગઈ હતી. આ ગેંગનો છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો સાગરીત આજે ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોડના સકંજામાં આવી ગયો છે.

અમદાવાદ જુના વાડજ, પટેલ વાસ પરબડી સામેનો રહેવાસી અને હાલ ચાંદલોડીયા ઘનશ્યામ ફ્લેટમાં રહેતા વિરલ ઉર્ફે પીન્ટુ મહેન્દ્રભાઈ શાહની એબસ્કવોન્ડર સ્કવોડે ધરપકડ કરી લીધી છે. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમે બાતમી મેળવીને ચાંદલોડીયાથી તેને પકડી પાડ્યો છે. વિરલ ઉર્ફે પીન્ટુએ તેના સાગરીતો સાથે મળીને છત્રાલની લુબી કંપનીમાંથી રૂ. ૧૯.૬૪ લાખની કિંમતના સબમર્શીબલ પંપ ચોરી કર્યા હતા. વર્ષ-૨૦૧૨ થી આ શખ્સ વોન્ટેડ હતો આજે તેને પકડીને કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

ગૃહમાતાના અત્યાચાર સામે સે-૮ની છાત્રાઓ દ્વારા ફરીયાદ

સેકટર-૮ આદર્શ નિવાસી છાત્રાલયની ગૃહમાતા છાત્રાઓને વાસી ભોજન ખવડાવે છે : રસોઈ બનાવવા મજબુર કરે છે અને મારઝુડ પણ કરે છે

ગાંધીનગર, તા.૧૭

રાજય સરકાર મહિલા સશકતીકરણ કાર્યક્રમો યોજે છે. વિવિધ હોદ્દાઓમાં મહિલાઓને પચાસ ટકા અનામત આપવાની જાહેરાતો કરવામાં આવે છે. મહિલાઓ અભ્યાસ કરી આગળ વધી નામ મેળવે તે માટે સરકાર કટીબધ્ધ બની છે. રાજયમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી પણ બહેન છે ત્યારે ગાંધીનગરના સેકટર-૮માં આદર્શનિવાસી કન્યા શાળાની બાળાઓ ઉપર જુલમ ગુજારવામાં આવી રહ્યો છે તેવી ઘટના સામે આવી છે.

સમગ્ર રાજયનો વહીવટ વિધાનસભા સંકુલમાંથી થાય છે ત્યારે અહીંથી માત્ર એક કિલોમીટર દુર આવેલ સેકટર-૮ની આદર્શ નિવાસી કન્યા છાત્રાલયની બાળાઓ ઉપર ગૃહમાતા દ્વારા જુલમ ગુજારવામાં આવી રહ્યો છે. છાત્રાલયમાં રહેતી કન્યાઓ છેલ્લા એક વર્ષથી દબાયેલા મોઢે જુલમ સહન કરી રહી છે.

ગૃહમાતા રેણુકાબેન ગામીત બાળાઓ ઉપર અમાનુષી અત્યાચાર ગુજારી રહી છે. જે ભોજન રખડતા કુતરા પણ ન ખાઈ શકે તેવું વાસી ભોજન બે ટાઈમ આપવામાં આવી રહ્યું છે. છાત્રાલયની કન્યાઓએ પ્રિન્સિપલ કુસુમબેન સમક્ષ અનેક વખત લેખિત ફરિયાદ કરવા છતા ગૃહમાતા રણુકાબેન સામે પગલા ભરવામાં આવતા નથી. ઉપરી અધિકારીઓના બહેરા કાને પણ નાજુક છાત્રાઓનો અવાજ પહોંચતો નથી અને બંને ગૃહમાતા રેણુકાબેનની પીઠ થાબડે છે.

છાત્રાલયમાં રહેતી કન્યાઓએ જણાવ્યું છે કે આજ દિન સુધી અમારી જનેતાએ અમારી ઉપર હાથ ઉગામ્યો નથી ત્યારે આ ગૃહમાતા રેણુકાબેન તો મારઝુડ કરે છે અમે અહીંયા અભ્યાસ કરવા માટે આવીએ છીએ ત્યારે છાત્રાલયની કન્યાઓ પાસે રસોડામાં કામ કરાવે છે અને જો કામ ન આવડે તો બિભત્સ ગાળો બોલે છે.

રાજયના પ્રથમ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મહિલાઓને પ્રાથમિકતા આપવાની વાતો કરે છે પરંતુ અહીંયા તો તેનાથી વિપરીત પરિસ્થિતિ છે. રાજયમાં બાળ મજૂરીને ગુનાખોરી ગણવામાં આવે છે ત્યારે અહીં તો દરેક વિદ્યાર્થીની ૧૫ વર્ષથી નાની વયની છે. શું આ કાયદો છાત્રાલયના સંચાલકોને લાગુ પડતો નહિ હોય?

એક વોર્ડન તરીક ૨૪ કલાક ફરજ બજાવવાની હોય છે પરંતુ ગૃહમાતા બનીને રાજમાતા જેવું વલણ રેણુકાબેન ગામીત અપનાવી રહ્યા છે. ગૃહમાતા રેણુકાબેન સવારે ૧૦.૩૦ વાગે શાંતિથી છાત્રાલય ઉપર આવે છે અને ૧૨.૦૦ વાગ્યા સુધી રોકાઈને ઘરે આરામ કરવા પહોંચી જાય છે. ત્યાર બાદ ગૃહમાતા એટલે કે રાજમાતા રેણુકા સાંજે ૪.૩૦ વાગે ગાર્ડનમાં ટહેલવા નિકળ્યા હોય તેમ છાત્રાલય પર આવે છે અને ૬.૦૦ વાગે પરત ફરી જાય છે. ત્યારે આ ગૃહમાતા રાજમાતા ૨૪ કલાકની ફરજમાં ૩.૦૦ કલાક આવીને પુરો પગાર મેળવે છે આવું સુખ તો વડાપ્રધાન પણ ભોગવતા નથી.

છાત્રાલયની છાત્રાઓને સવારના નાસ્તામાં સાંજની વધેલી વધારેલી ખીચડી જે સામાન્ય રીતે રખડતા કુતરા પણ ન ખાય તેવી ખીચડી નાસ્તા રુપે આપવામાં આવે છે. તેમજ બપોરનું ભોજન લેવા માટે છાત્રાઓને જાતે રસોઈ બનાવવી પડે છે. રાત્રીના ભોજનમાં પણ બપોરનું ફુગ વળી ગયેલું શાક અને ચામડા જેવી થઈ ગયેલી રોટલી પિરસવામાં આવે છે ત્યારે સાંજે મોટા ભાગની છોકરીઓને તો રસોઈ પણ નશીબ થતી નથી.

છાત્રાઓએ પોતાની લેખિત ફરિયાદ નિયામક, મુખ્યમંત્રી સહિતને પહોંચાડી છે અને માંગણી કરી છે કે આ ગૃહમાતા ને રાજમાતા જેવો ઠાઠ જોઈતો હોય તો ઘરે બેસાડી દો જેથી આવનાર નવા સત્રની વિદ્યાર્થીનીઓ ભોગ ન બને. વહેલામાં વહેલી તકે ગૃહમાતા એટલે રાજમાતાને સસ્પેન્ડ કરવામાં આવે.

જર્મી દ્વારા ટ્રેઈન ધ ટ્રેઈનર ૮ દિવસીય વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

સોલાર પ્લાન્ટમાં કામ કરતાં કામદારોને શિક્ષણ તથા તાલીમ આપતા વર્ગને પ્રશિક્ષિત કરવાના ઉમદા આશય સાથે રાયસણમાં સ્થિત પી.ડી.પી.યુ. ખાતે આજે 'ટ્રેઈન ધ-ટ્રેઈનર'ના વર્કશોપનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આઠ દિવસીય આ વર્કશોપ માટે યુનાઈટેડ સ્ટેટસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ દ્વારા સમગ્ર ભંડોળ પુરૂ પાડવામાં આવ્યું છે. ભારતમાં સૌ પ્રથમવાર જર્મી દ્વારા આ પ્રકારના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપનું ઉદ્‌ઘાટન ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના ડિરેક્ટર વી.એ. વાઘેલાએ કર્યું હતું. જર્મી, - આરઆઈઆઈસીના ડિરેક્ટર ટી. હરિનારાયણ, એરીઝોના સ્ટેટ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ એન્જીન્યરીંગ ટેકનોલોજી, કોલેજ ઓફ ટેકનોલોજી એન્ડ ઈનોવેશનન્સના પ્રેસિડેન્ટ, ક્લિનિકલ પ્રોફેસર ગોવિંદ સામી તામિઝામાની, એરીઝોના સ્ટેટ યુનિવર્સિટીના પ્રોગ્રામ મેનેજર અંબિકા અધિકારી, આઈએસપીક્યુ માસ્ટર પીવી ટ્રેઈનર, રિનેયુએબલ ડિઝાઈન સિસ્ટમના ડિઝાઈન કન્સલ્ટન્ટ કેરોલ વેઈઝ તથા જર્મીના પીઆરએસ ડૉ. ઓમકાર કે. જાની ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપના પ્રારંભે પોતાના સંબોધનમાં હરિનાયારણે જણાવ્યું હતું કે ભારત જેવા દેશમાં સૌર ઉર્જા માટે મોટો અવકાશ રહેલો છે અને આવી ક્ષમતાને શક્ય એટલા વધારે પ્રમાણમાં વિકસાવી શકાય તે માટે જર્મીએ વિવિધ સંશોધનો હાથ ધરીને સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે થતો ખર્ચ નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. હવે આ માટે ઉપયોગમાં લેવાતી ટેકનોલોજીના ખર્ચમાં ઘટાડો કરવા માટે કોઈ અવકાશ નથી, તેથી જર્મીએ ગ્રેફિન જેવા મટિરિયલનો ઉપયોગ કરી આ ખર્ચમાં વધારે ઘટાડો કરવા માટેનું સંશોધન તથા પ્રયોગો હાથ ધર્યા છે. જેના પરિણામે આગામી પાંચ વર્ષમાં અમે આ ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો કરવામાં સફળ રહીશું.

ડૉ. ઓમકાર જાનીએ જણાવ્યું હતું કે, આ વર્કશોપ યોજવા પાછળનો

● અનુસંધાન પાના - ૭ પર

પુસ્તકો અને સ્પર્ધાત્મક સાહિત્યના પુસ્તકોનું પ્રદર્શન યોજાશે

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના ઉપક્રમે ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે તા. ૧૮ નવેમ્બર-૨૦૧૪ના રોજ બપોરે ૪.૦૦ કલાકેથી સ્પર્ધાત્મક સાહિત્યના પુસ્તકોનું પ્રદર્શન સભ્યશ્રીઓ અને પ્રજાજનો માટે આયોજિત કરવામાં આવેલ છે. આ પ્રદર્શન તા. ૨૦-૧૧-૨૦૧૪ સુધી સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૧૮.૦૦ કલાક દરમ્યાન જોઈ શકાશે. ગાંધીનગરની જાહેર જનતાને આ પ્રદર્શનનો લાભ લેવા ગ્રંથપાલ વર્ષાબેન મહેતાએ અનુરોધ કરેલ છે.

રબારી સમાજ કર્મચારી મિત્રોનું સ્નેહમિલન યોજાયુ

ગાંધીનગર શહેરના રબારી સમાજના કર્મચારી મિત્રો તેમજ રબારી મિત્રો દ્વારા નવા વર્ષ નિમિત્તેનું એક ભવ્ય સ્નેહ મિલન સમારંભનું આયોજન શિવ શક્તિ મંદિર નવરાત્રી ચોક, સેક્ટર-૭-સી, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ ભવ્ય સ્નેહમિલન સમારંભમાં વાળીનાથ અખાડાના નવ નિયુક્ત મહંતશ્રી જયરામગીરીશ્રી ગુરૂ બળદેવગીરી તેમજ નવ નિયુક્ત લઘુ કોઠારીશ્રી દશરથગીરી ગુરૂ ગોવિંદગીરીનું ભવ્ય સ્વાગત કરી સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃણાલ વિરમભાઈ દેસાઈ તથા અર્પણ વિરમભાઈ દેસાઈ (લાકરોડા)એ સમાજનું ગુરૂ ગાદી વાળીનાથ ખાતે નવ નિર્મિત મંદિરના બાંધકામ માટે રૂ. ૫,૫૧,૦૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ એકાવન હજાર પુરા)નું માતબર દાન આપવાની જાહેરાત કરી હતી સાથે મોહનાઈ માલજીભાઈ દેસાઈ (થુમથલ) એ પણ રૂ. ૨,૫૧,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ એકાવન હજાર પુરા) ના દાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે ગુજરાત ગોપાલક કન્યા છાત્રાલયના મંત્રી લલ્લુભાઈ દેસાઈ, ગોપાલક બોર્ડના ડીરેક્ટર અમૃતભાઈ દેસાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતુ, જ્યારે આ ભવ્ય સમારંભમાં સમાજના ૮૬ જેટલા નિવૃત્ત અધિકારી તેમજ કર્મચારી વડીલોનું બહુમાન કરવામાં આવ્યું હતું. એક સાથે આટલી મોટી સંખ્યામાં રબારી સમાજના નિવૃત્ત વડીલોનું સન્માન કરવાનો એક મોટો ઐતિહાસિક પ્રસંગ બની ગયો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૭
સૂર્યાસ્ત : ૫.૫૩

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૫૩ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

કીલ/દિલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કીલ/દિલ : ૧૨.૩૦

: સ્ક્રીન-૪ :

૬-૫ = ૨ : ૧.૦૦, ૧૦.૦૦

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

જોરુ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

કીલ/દિલ : ૧૦.૦૦

ધ શૌકિન્સ : ૧.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૬ :

રંગ રસીયા : ૩.૩૦, ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

કીલ/દિલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

જુરાસિક એટેક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

ધ શૌકિન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. ચુનીબેન ભેમાજી વણઝારા (ઉ.વ.૧૦૫) મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. કોકીલાબેન રમણભાઈ પટેલ (ઉ.વ.૪૮) ગામ - રીદ્રોલ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ નટુભાઈ કાળીદાસ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૧૧૦૯/૧, સેક્ટર-૨ડી, ગાંધીનગર
- સ્વ. ઠાકોર કેશાજી શનાજી (ઉ.વ.૯૮) મુ. પો. ચીલોડા મોટા, તા.જી. ગાંધીનગર